વાત ગાંધીનગરની

પાટનગરમાં બુધવારે રાજકીય ધમધમાટ વધારે હતો. કમલમ્‌માં ભાજપ ચૂંટણીનું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં વ્યસ્ત હોવાથી કાર્યકરોની ભારે અવરજવર હતી તો કોંગ્રેસ બાકીના ત્રણ ઉમેદવારોને આખરી કરવામાં અને ભાજપને કેવી રીતે હંફાવી શકાય તે માટે મીટીંગોનો દોર ચાલુ રહ્યો હતો. તો બીજી તરફ શહેરમાં ઠેર ઠેર નવરાત્રીના ગરબા નહી યોજાવાની અને કેવી રીતે ઈ નવરાત્રી ઉજવશુ તેની ચર્ચાઓ ચાલી હતી.

કેબીનેટની બેઠકમાં રૂટીન જ કામગીરી

બુધવાર એટલે આખા રાજ્યની નજર ગાંધીનગર પર કેન્દ્રિત હોય. કારણ કે સવારે કેબીનેટની બેઠકમાં મહત્વાકાંક્ષી નિર્ણયો લેવાતા હોય છે. આ બેઠકમાં તો પ્રધાનમંત્રીના કાર્યક્રમને આખરી સ્વરૂપ આપવાની ચર્ચા, ટેકાના ભાવે ૨૧મીથી મગફળી ખરીદવાનો નિર્ણય. આ ઉપરાંત પેટા ચૂંટણીઓના પ્રસાર અંગે સંબંધીત મંત્રીઓને જવાબદારી સોંપાઈ અને અહેવાલની સમીક્ષા કરાઈ. અર્થાત કેબીનેટની બેઠકમાં નવા કોઈ નિર્ણયો લેવાયા ન હતા.

હવે નવરાત્રીમાં પ્રસાદ વહેંચાશે

સરકાર દ્વારા આજે સ્પષ્ટતા કરાઈ છે કે આ વર્ષે રાજ્યમાં કોઈપણ પ્રકારના ગરબા યોજવાના નથી પરંતુ માતાજીની સ્થાપના કરી રોજેરોજ સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે આરતી યોજાશે. અગાઉ કરેલી જાહેરાતમાં આરતી બાદ પ્રસાદ વિતરણ માટે મનાઈ કરાઈ હતી પરંતુ ગુજરાત મીઠાઈ ઉત્પાદક સંગઠન દ્વારા કરાયેલી રજૂઆત બાદ રાજ્ય સરકારે વ્યક્તિગત ધોરણે પેક કરેલો પ્રસાદ વિતરણ કરવાની મંજૂરી આપી છે.

ભાજપના વોટ્સએપ ગ્રુપમાં પડઘા

મંગળવારે મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સર્જાયેલા અસામાન્ય દૃશ્યોની ચર્ચા સામાન્ય કાર્યકરથી લઈ પ્રદેશ ભાજપના મુખ્યાલય કમલમ્ સુધી ચાલી હતી. કોણ સાચુ, કોણ ખોટુ, કોની કેવી ભુલ આ બધા ગુણ દોષો પર ચર્ચા ચાલતી હતી પરંતુ ભાજપની શિસ્તના લીરેલીરા ઉડ્યાં એમાં બધા એકમત હતા એવુ વર્તાતુ હતુ. ભાજપ પરિવારના વોટ્સએપ ગ્રુપમાંથી ચાર-પાંચ રાજ્યોને રીમૂવ કરાયાની ચર્ચા ભાજપના વર્તુળોમાં જોરશોરથી ચાલતી હતી. નામ નહી આપવાની શરતે એક અગ્રણીએ ગાંધીનગર ભાજપમાં આગામી દિવસોમાં નવાજૂનીની આગાહી કરી હતી.

મનપાના નવા વિસ્તારોમાં પણ દબાણોની બોલબાલા

ગાંધીનગર જીઆઈડીસીથી રાંધેજા ફાટક સુધીના માર્ગ પર બંને બાજુ દબાણોનો રાફડો છે. રેસ્ટોરન્ટ, ઢાબાઓ, ખાનપાનની દુકાનો, ફેબ્રીકેશન વર્ક, આરસ પત્થરના કારખાના, ગેરેજ, ગરમ મસાલાના વેચાણ કેન્દ્રો, નર્સરી તેમજ વાહન લે વેચ કેન્દ્રો જેવા ગેરકાયદે બાંધકામો નજરે પડે છે. આ ઉપરાંત અસ્તવ્યસ્ત ઉભેલી શાકભાજીની લારીઓ અને ફેરીયાઓના કારણે ટ્રાફીક જામના દૃશ્યો સર્જાય છે.

બદલીઓ વિના સચિવાલયની સાંજ નથી પડતી

છેલ્લા ૬ મહિનાથી રોજેરોજ કોઈના કોઈ બદલીના હુકમ તો હોય, હોય અને હોય જ... દરરોજ કોઈના કોઈ વિભાગોના કોઈપણ સંવર્ગની બદલીના હુકમ સોશ્યલ મિડિયામાં ફરતા જ હોય. અગાઉના વર્ષોમાં સામાન્યતઃ બદલીઓ ઉનાળુ વેકેશનમાં થતી હોય છે.

આજનો 'અર્ક'...

ક્ષમા ભૂતકાળને ભલે બદલતી નથી પણ ભવિષ્યને ઉજ્જવળ તો બનાવી જ લે છે.

'મા'નો ગરબો રે... - હવે માત્ર ૪૮ કલાક જ મા-આદ્યશક્તિની આરાધનાના મહાપર્વને આડે રહ્યા છે... કોરોનાકાળમાં પણ મા-આદ્યશક્તિની ઉપાસના ભલે સામુહિક રીતે નહિ યોજાય પરંતુ વ્યક્તિગત આસ્થાના આધારે ગરબાનું સ્થાપન તથા પૂજન-અર્ચન અને આરતી તો યોજાશે જ... અત્યારે માતાજીના ઘડુલાને રંગરોગાન કરી આખરી ઓપ અપાઈ રહ્યો છે...

આજે સરકારી કર્મચારીઓ કોરોના અટકાવવા પ્રતિજ્ઞા લેશે

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યની તમામ કચેરીઓમાં આજે કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે ખાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે.

રાજ્ય સરકારના ત્રણ ઉચ્ચ અધિકારીઓ સુશ્રી સંગીતાસિંગ, સુશ્રી જયંતિ રવિ અને અશ્વિનીકુમારના નામે આ અંગેની સુચનાઓ આપવામાં આવી છે.

કોરોના સામે જન આંદોલન અભિયાન ૭-૧૦-૨૦૨૦ થી સમગ્ર દેશમાં શરૂ કરાયુ છે. આ અભિયાનના ભાગરૂપે આજે સરકારની તમામ કચેરીઓમાં ખાસ પ્રતિજ્ઞા કર્મયોગીઓ દ્વારા લેવામાં આવશે. સવારે ૧૧ વાગ્યાની આસપાસ આ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

કર્મયોગીઓની સાથે પ્રબુદ્ધ નાગરિકો, ધાર્મિક સંસ્થાના વડાઓ, સામાજિક અને સેવાભાવી સંગઠનોના કર્મશીલોને પણ જોડવામાં આવશે. કોવિડ-૧૯ના સંક્રમણ સામેનો જંગ હવે નિર્ણાયક બનાવવાનો આ સંકલ્પ લેવાશે.

આ પ્રતિજ્ઞા-વાંચનમાં સામાજિક અંતર જાળવવાની વાત, સેનીટાઈઝરનો ઉપયોગ કરવાની વાત, ઘરની બહાર માસ્ક પહેરીને જ નીકળીશ તે બધી જ બાબતોને આવરી લેવામાં આવનાર છે.

દરમ્યાન ઓક્ટો. અને નવેમ્બરમાં આવનારા પર્વો દરમ્યાન પણ આ જનજાગૃતિ અભિયાન સઘન બનાવવામાં આવશે એટલુ જ નહિ ગ્રામીણ સ્તરે પણ આવા પ્રતિજ્ઞા વાંચનના કાર્યક્રમો ઉપરાંત હોર્ડિંગ્સ, બેનરો લગાવવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

રાજ્યમાં છેલ્લા થોડાક દિવસોથી કોરોનાના કેસોની સંખ્યા ઘટી રહી છે ત્યારે લોકો વધુ સતર્ક બને અને આનાથી સંક્રમિત થતા બચવાના ઉપાયો કરે તેના પર ભાર મુકવામાં આવશે.

શહેરના ગ-માર્ગ પર હવે વૃક્ષોનુ નિકંદન નિકળશે

રોડ એન્જિયરીંગની ઐસી તૈસી : વૃક્ષોના માર્કીંગ વિના જ અગાઉ ખોદકામ અને માટી મેટલનુ કામ કરી દેવાયુ હવે વૃક્ષોની કટોતી કરવા તંત્ર સજ્જ : નો રોડ એન્જિયરીંગ બધુ દે... ધના.. ધન...

ગાંધીનગર તા ૧૪

શહેરમાં માર્ગ સુધારણા અને વાઈડનીંગની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. હાલ નગરના ગ માર્ગને સિકસલેન બનાવવા તંત્રએ ઉતાવળિયા ખોદકામ કરી માટી મેટલનુ કામ કરી દીધુ છે. ગ માર્ગને સિકસલેન કરવા માટે રોડ એન્જિયરીંગના નિતી નિયમો નેવે મુકીને બધુ દે..ધના..ધન. ચાલી રહ્યુ છે. હરિયાળી ઘેરાયેલા ગ માર્ગ પર સેંકડો વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે. જો કે હાલ ખોદકામના અંતે મોટાભાગના વૃક્ષો માટીના ઢગ પર ચિપકેલા છે. આગામી દિવસોમાં માર્કીંગ કરીને આ વૃક્ષોની કટાતી કરવામાં આવશે. પરંતુ હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાતા નગરમાં વૃક્ષોની કટોતી મામલે પ્રોજેકટના પ્રારંભથી ચિત્ર સ્પષ્ટ ન હોવાની વાત પણ પ્રકૃતિ પ્રેમીઓને ખુંચી રહી છે. ત્યારે પ્રોજેકટ પાછળ કામ કરતી એજન્સી પણ તંત્રના બાબુઓની મીઠી નજર હેઠળ બિન્દાસ્ત રીતે નિતી નિયમોની ઐસી તૈસી કરીને કામ કરતી હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે.

શહેરમાં માર્ગ સુધારણા અને વાઈડનીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના ખ માર્ગને સિકસલેન કરી દેવાયા બાદ ગ માર્ગને પણ સિકસલેન કરવા માટે કામ હાથ ધરાયુ છે. પરંતુ કોર્પોરેશન કક્ષાએ હાથ ધરાયેલી આ કામગીરી અન્વયે માર્ગ નિષ્ણાંતોમાં સવાલો મંડરાયા છે. મળતી માહીતી મુજબ કોઈપણ નવી જગ્યાએ પાકા રસ્તાનુ કામ હાથ ધરતા પુર્વે સંબંધિત જગ્યાએ નડતરરૂપ વૃક્ષો દુર કરવા વન વિભાગની મંજુરી લઈને આ વૃક્ષો દુર કરવાના થાય છે. જયારે વૃક્ષોની કટોતી બાદ જમીન સંપાદન કરીને ખોદકામ કરવામાં આવતુ હોય છે. જયારે માટી મેટલ કામના અંતે ડામર કામ હાથ ધરવામાં આવે છે. પરંતુ ગ માર્ગ આ બધી પ્રક્રીયાથી પર છે. અલબત્ત આ માર્ગના વાઈડનીંગ માટે કોઈ નિતી નિયમોનુ પાલન કરવામાં આવ્યુ નથી. ગ માર્ગના વાઈડનીંગની કામગીરી અન્વયે ઉલ્ટી ગંગા વહેતી હોય તેવો રોષ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના બે મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી થઈ

ગાંધીનગર મામલતદાર રાવલ બદલાયા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સરકારના મહેસુલ વિભાગે આજે સાંજે ૩૬ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના બે અધિકારીઓની બદલીના હુકમનો પણ સમાવેશ થાય. છે.

ગાંધીનગર તાલુકાના મામલતદાર સુનીલ રાવલની બદલી ઉમરેઠ મામલતદાર તરીકે કરવામાં આવી છે. જ્યારે જમીન ફાળવણીના મામલતદાર વી.કે. પટેલની બદલી પાટણ મામલતદાર તરીકે કરવામાં આવી છે.

ગાંધીનગરના મામલતદાર તરીકે ગરબાડા જિ. દાહોદ ખાતે ફરજો બજાવતા એમ.એમ. પટેલને મુકવામાં આવ્યા છે. મામલતદાર જમીન ફાળવણી તરીકે શ્રીમતિ ડી.એ. પંચાલ જે હાલ જેતપુર મામલતદાર તરીકે ફરજો બજાવે છે તેમની નિયુક્તી કરવામાં આવી છે. આ બદલીના હુકમો આજે મોડી સાંજે જારી કરાયા છે. આગામી સપ્તાહમાં નવ નિયુક્ત અધિકારીઓ તેમનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.

બૉલિવૂડમાં ડ્રગ્સકાંડ મુદ્દે મુંબઈ એનસીબીએ ગાંધીનગર એફએસએલની મદદ માગી

અભિનેત્રીઓ સહિત ૧૫ સ્માર્ટફોન ગાંધીનગર એફએસએલમાં મોકલ્યા

ગાંધીનગર,તા.૧૪

સુષાંતસિંહ રાજપૂતના મોત બાદ બાદ ચર્ચાસ્પદ બનેલ ડ્રગ્સકાંડ મુદ્દે એનસીબીની ટીમ દ્વારા બોલીવુડની અનેક અભિનેત્રીઓની પૂછપરછ કરી ચુક્યું છે. પૂછપરછ દરમિયાન વૉટ્સએપ ચેટ્સ અને અન્ય મેસેજ મામલે એનસીબીની ટીમ દ્વારા અભિનેત્રીઓ સહિત અનેકના સ્માર્ટફોન કબજે લેવામાં આવ્યા છે. જેની વધુ તપાસ માટે મુંબઈ એનસીબીએ ગાંધીનગર એફએસએલની મદદ માગી હોવાની વિગતો સામે આવી રહી છે. એનસીબીએ ચર્ચામાં આવેલી અભિનેત્રીઓનાં તેમજ અન્ય મળીને ૧૫ સ્માર્ટફોન ગાંધીનગર એફએસએલમાં મોકલ્યા છે.

જણાવવું રહ્યું કે દીપિકા, શ્રદ્ધા, રકુલપ્રીત સિંહના મોબાઈલ ફોન એનસીબીએ જપ્ત કર્યા હતા અને મોબાઈલ ફોનમાંથી તમામ ડેટા મેળવવા માટે મુંબઈ એનસીબીએ ગાંધીનગર FSLની મદદ માગી છે જે આધારે હવે ગાંધીનગરની FSL ટીમ વિગતો બહાર લાવવાનો પ્રયાસ કરશે.

ગ્રામીણ વિસ્તારમાં વધુ ૧૭ કેસ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસોમાં સતત ચડાવ ઉતાર થતો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં આજે સારવાર દરમ્યાન વધુ ૧ દર્દીનું મોત થયુ છે. કલોલના ૫૮ વર્ષીય દર્દીનું કોરોનાને કારણે મોત થયુ છે ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

સારવાર દરમ્યાન કલોલના પુરૂષનુ મોત ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨, માણસામાં ૧ અને કલોલમાં ૬ કેસ નોંધાયા ૨૦૯૮ દર્દીઓ કોરોનામુક્ત થયા

જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યા સતત વધી રહી છે તે સાથે તંત્રએ એન્ટીજન ટેસ્ટની સંખ્યામાં પણ સારો એવો વધારો કર્યો છે. આજે એન્ટીજન ટેસ્ટમાં કુડાસણ બેઠકનું જિલ્લા પંચાયતમાં પ્રતિનિધિત્વ કરી ચુકેલા અને પંચાયતી રાજના અગ્રણી તરીકે જેમની ગણના થાય છે તે બેચરજી ઠાકોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણના વતની ઠાકોરનો ઉલ્લેખ આજની સત્તાવાર યાદીમાં કરાયો નથી. ઠાકોરે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨, માણસામાં ૧ અને કલોલમાં ૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે પણ ૯૭ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે પણ વધુ ૬ મહિલાઓ સંક્રમિત થઈ હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ છે.

ગાંધીનગરના સાદરા ગામેથી આજે એક ૫૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. રૂપાલ ગામેથી ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

કુડાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં ૬૦ વર્ષના પુરૂષ અને ૪૨ વર્ષીય ગૃહીણીનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ઝુંડાલ ગામેથી ખાનગી નોકરી કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી પણ ખાનગી નોકરી કરતી ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સરગાસણ ગામેથી સરકારી નોકરી કરતી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉવારસદ ગામેથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ ૨૧ કેસ નોંધાયા

આજે નોંધાયેલા કેસોમાં સે. ૧ માં ૩, ૭ માં ૨, સે. ૨૧, ૨૨, ૨૩, ૨૮ અને ૨૯ માંથી પણ ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત પાલજ, સે. ૨૬, સે. ૨૮, ૮, ૨, ૫ અને ૬ માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોને પગલે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૬૦૦ની નજીક પહોંચી છે. આજે નોંધાયેલા કેસો સાથે આ સંખ્યા ૧૫૮૨ થઈ છે.

કોરોનાના કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે. આજે પણ હોમ આઈસોલેશન હેઠળ સારવાર લેવાનું સેકમિતોએ વધુ પસંદ કર્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૧ માં ૩, ૭ માં ૨, સે. ૨૧, ૨૨, ૨૩,૨૮ અને ૨૯ માંથી પણ ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત પાલજ, સે. ૨૬, ૨૮, ૮, ૨, ૫ અને ૬ માંથી કેસ મળી આવ્યા છે.

આજે સે. ૭ માંથી બે કેસ મળી આવ્યા છે. એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પાલજ ગામેથી નોકરી કરતા ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સેક્ટર-૧ માંથી આજે એક જ દિવસમાં ૩ કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે. એડીશનલ કલેક્ટર તરીકે ફરજો બજાવતા ૫૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરાયા છે. ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૧માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ખાનગી નોકરી કરતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મધ્યાહન ભોજન યોજના કમિશ્નરેટમાં જુની. ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૯ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. એમ.એસ.એમ.ઈ. કમિશ્નરેટમાં સિની. ક્લાર્ક તરીકે ફરજો બજાવતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદ ખાતે ધંધો કરતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માં રહેતા અને વાહન વ્યવહાર વિભાગમાં સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૨૮ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવા અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮માં રહેતા અને કો.ઓ. બેંકમાં નોકરી કરતા ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૮ માં રહેતા અને સિમેન્ટનો બિઝનેશ કરતા ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી ૪૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૬ માં રહેતા અને વડાલી ખાતે એ.ટી.ડી.ઓ. તરીકે ફરજો બજાવતા કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. પ્રધાન સહાયક એન્જીનીયર તરીકે ફરજો બજાવતા ૫૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે મિલીટ્રી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સે. ૨૩ માંથી જ એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. આ સેક્ટરમાં કેસોની સંખ્યા વધતાં તંત્ર ચિંતીત બન્યુ છે. ૪૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ

● અનુસંધાન પાન-૭ પર

बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज लि.
Baroda Global Shared Services Ltd.
(Wholly Owned Subsidiary of Bank of Baroda)
CIN-U74999MH2017GOI292430
Regd. Office - 5th Floor, Baroda Sun Tower, C-34, G Block, Bandra Kurla Complex, Bandra (E), Mumbai 400 051

RECRUITMENT

Applications are invited from eligible candidates for the following positions with Baroda Global Shared Services Ltd. At **GIFT City, Gandhinagar / Vadodara:**

Department	Designation	Location	Experience
Contact Centre (Collection)	**Call Centre Operation**-Sr. Manager / Manager	Vadodara	5 - 10 Years
	Operations - Asst. Manager / Team Leaders		2 - 5 Years
	Tele Callers - Sr. executives / Executives		0 - 3 years
	MIS - Asst. Manager / Dy. Manager		2 - 5 Years
	Information Technology-Asst. Manage**(Dialer)**		2 - 5 Years
	Quality - Manager / Team Lead / Associate		2 - 8 Years
	HR & Admin - Asst. Manager / Dy. Manager		2 - 6 Years
	Training - Asst. Manager / Dy. Manager		2 - 8 Years
Global Trade Services	Asst. Manager Dy. Manager / Manager **(Checkers)**	Gandhinagar	2 - 7 Years
Retail Assets - CPC	Assistant / Deputy - Manager **(Checkers)**	Gandhinagar	2 - 7 Years
Digital Banking Operations	Trainee/ Executive	Vadodara	0 - 2 Years

For further details on the above please visit the Careers section on www.bgss.in Addendum / Modifications, if any, shall be notified only on www.bgss.in. Applicants should refer to the same before submission of their application by e-mailing their resume on **recruitment@bgss.in.**
Last date for above positions is **30th November 2020.**
Place : GIFT City, Gandhinagar
Date : 15th October, 2020
Sd/-
Head-Human Resources
Baroda Global Shared Services Ltd
BGSSHR/20-21/02

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL — સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ — EMERGENCY 24 HOURS SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo • સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ • ઓમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન • મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) — ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
• ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર • આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
• દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
• હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
• હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
• ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર • હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ • અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
• કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
• મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com